


# ગિજુભાઈ બધેકા એવોર્ડ–૨૦૨૫

# માર્ગદર્શિકા

## પુરસ્કાર વિશે:

સંપૂર્ણ શિક્ષક સમુદાય માટે ગિજુભાઈ બધેકા પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં એક આદર્શ વ્યકિતત્વ છે, જેમણે અનેક શૈક્ષણિક પ્રયોગો કર્યા. જેને તેમના જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું.

તેમણે પોતાનું આખું જીવન બાળકલ્યાણ માટે સમર્પિત કરી દીધું. બાળમનોવિજ્ઞાનના અભ્યાસ સાથે તેમણે શિક્ષણ પદ્ધતિઓમાં પ્રયોગો કર્યા. બાળકોના સર્વાંગી વિકાસ માટે તેમણે વાર્તાઓ, ગીતો, બાળગીતો, કોયડાં, પ્રસિદ્ધ વ્યકિતઓના જીવનચરિત્રો અને પ્રકૃતિ વિષયક સાહિત્ય રચ્યું.

તેમના દ્વારા રચાયેલું સાહિત્ય અને શિક્ષણ પ્રયોગો દ્વારા ગિજુભાઈ ગુજરાતના બાળસાહિત્યના "બ્રહ્મા" ગણાય છે. 1920માં તેમણે દક્ષિણામૂર્તિ ખાતે ' બાલવાડી' ની સ્થાપના કરી, જે શિક્ષણક્ષેત્રે એક મહત્ત્વપૂર્ણ યોગદાન છે.

## ગિજુભાઈ બધેકા પુરસ્કારો:

ગિજુભાઈ બધેકાના નામે નીચેના પુરસ્કારો આપવામાં આવશે:

**I. શ્રેષ્ઠ બાળગુરુ**
**II. શ્રેષ્ઠ બાળવાટિકા**

- " પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ" (ECCE) ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન અને પ્રોત્સાહન માટે યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક પુરસ્કારો આપવામાં આવશે.
- યુનિવર્સિટી નિયમ મુજબ શૈક્ષણિક પુરસ્કારો આપવા માટે વ્યક્તિગત અથવા સંસ્થાકીય દાન સ્વીકારી શકે છે.
- **ગિજુભાઈ બધેકા પુરસ્કાર** ફાઉન્ડેશનલ સ્ટેજ કાર્યરત શિક્ષકો અને સંસ્થાઓના પ્રયત્નો અને સિદ્ધિઓને માન્યતા આપવા માટે સુનિશ્ચિત કરવામાં આવ્યો છે.

## ઉદ્દેશ્યો:

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–2020 અનુસાર પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ **(ECCE)**ને પ્રોત્સાહન આપવું.
- પ્રાથમિક શિક્ષણ અને બાળકોના સર્વાંગી વિકાસ માટે ગિજુભાઈ બધેકાની તત્ત્વજ્ઞાના વ્યાપને વધારવો.
- બાળકોના શિક્ષણ અને સંવર્ધન માટે ભારતીય જ્ઞાન પ્રણાલીને અમલમાં મૂકવી.
- શ્રેષ્ઠ બાળવાટિકા સ્થાપન કરીને પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થાને પ્રેરિત કરવી.

## પુરસ્કાર શ્રેણી:

**[i] શ્રેષ્ઠ બાળગુરુ:**

[A] ઉમેદવારને **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020** અનુસાર પ્રાથમિક શાળાના ફાઉન્ડેશન સ્ટેજ (પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ – ECCE)માં **ઓછામાં ઓછા 10 વર્ષનો અનુભવ** હોવો જોઈએ. ઉમેદવાર શિક્ષક, માર્ગદર્શક, સંચાલક અથવા સલાહકાર તરીકે સેવા આપતા હોવા જોઈએ.

**[ii] શ્રેષ્ઠ બાળવાટિકા:**

[A] કોઈપણ **સરકારી/ ગ્રાન્ટ–ઈન–એઈડ/ સ્વાયત્ત/ સંલગ્ન/ જાહેર/ ખાનગી સંસ્થા/ NGO/ સોસાયટી/ ટ્રસ્ટને NEP 2020** અનુસાર **ફાઉન્ડેશન સ્ટેજ શિક્ષણ (ECCE) ક્ષેત્રમાં ઓછામાં ઓછા 5 વર્ષનો અનુભવ** હોવો જરૂરી છે.

## પુરસ્કાર વિતરણ:

દરેક વર્ષે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગરના સ્થાપના દિવસ (31મી જુલાઈ) ના દિવસે વિજેતાઓને સન્માનિત કરવામાં આવશે. તેમને પ્રમાણપત્ર, ટ્રોફી અને રોકડ ઇનામ આપવામાં આવશે.

## પસંદગી પ્રક્રિયા:

1) પ્રાપ્ત થયેલી અરજીઓની સમીક્ષા થશે.
2) પસંદગી સમિતિ દ્વારા પાત્ર અરજદારોમાંથી પસંદગી કરવામાં આવશે. પસંદગી સમિતિના સભ્યો ઉમેદવાર/નામિત વ્યક્તિ/સહકર્મી/પ્રમુખ વગેરે સાથે **ટેલિફોનિક/ ઑનલાઇન /ઓફલાઈન** ચર્ચા કરી શકશે.
3) સ્કુટીની કમિટી દ્વારા અંતિમ વિજેતાનું નામ નક્કી કરવામાં આવશે. જો જરૂરી હોય તો ફાઈનલિસ્ટ ઉમેદવારને અગાઉથી જાણ કરવામાં આવશે અને **અંતિમ પસંદગી માટે આવશ્યક દસ્તાવેજો/માહિતી રજૂ કરવાની માંગણી થઈ શકે.**
4) કમિટીઓના સભ્યોને **કુલપતિ (Vice Chancellor) દ્વારા નિયુક્ત** કરવામાં આવશે.
5) પસંદગી સમિતિની પસંદગી અથવા ભલામણ **શૈક્ષણિક પરિષદ (Academic Council) દ્વારા મંજૂર** કરવામાં આવશે.

## પુરસ્કાર માર્ગદર્શિકા:

- કોઈ વ્યક્તિ કે સંસ્થા એકજ કેટેગરીમાં ફરીથી પુરસ્કાર માટે પાત્ર ગણવામાં આવશે નહીં.
- ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર કોઈપણ ઉમેદવારી સ્વીકારવાની કે રદ કરવાને સંપૂર્ણ હકદાર રહેશે અને તેના માટે કોઈ સ્પષ્ટીકરણ આપવાની જરૂર રહેશે નહી.
- કોઈપણ ભારતીય નાગરિક અથવા ભારતમાં આવેલી સંસ્થા આ પુરસ્કાર માટે અરજી કરી શકશે.

- પુરસ્કાર માટે અરજીઓ યુનિવર્સિટી દ્વારા તેના સત્તાવાર વેબસાઇટ અથવા રાજ્ય શિક્ષણ વિભાગ, કેન્દ્ર/રાજ્ય યુનિવર્સિટીઓ અને અન્ય સંસ્થાઓને ઈમેઈલ દ્વારા મોકલીને મંગાવવામાં આવશે.
- પુરસ્કાર સંબંધિત તમામ વિગતવાર માહિતી યુનિવર્સિટીની વેબસાઇટ www.cugujarat.ac.in પર ઉપલબ્ધ છે.
- ઉમેદવાર પોતે અરજી કરી શકે છે અથવા બાહ્ય નામાંકન (External Nomination) દ્વારા પણ ઉમેદવારી નોંધાવી શકાય છે.
- સીધી અરજી કરવામાં આવે તો નામાંકન જરૂરી નથી.
- દર વર્ષે બે કેટેગરીમાં અરજીઓ મંગાવવામાં આવશે.
- નામાંકિત થયેલ નામાંકન માટે ૧૬/૦૬/૨૦૨૫ સુધી અરજી જમા કરવાની રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખ ૧૬/૦૬/૨૦૨૫ છે.
- દરેક અરજદારએ પોતાનું સ્વ-પ્રમાણિત (Self-attested) કામનો પુરાવો (દસ્તાવેજો, ટૂલ્સ, પ્રવૃત્તિઓના અહેવાલ, ફિલ્ડ વિઝિટ, ફોટા, ઑડિયો/વીડિયો, અથવા અન્ય સાહિત્ય) સ્કૅન કરેલી PDF ફોર્મેટમાં રજૂ કરવો પડશે.
- અરજી ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં સ્વીકારવામાં આવશે.
- કોઈપણ સ્પષ્ટીકરણ માટે training@cugujarat.ac.in પર સંપર્ક કરી શકાય.

**સંપર્ક સરનામું:**

**To,**
Director,
**Center of Training**
Children's Research University, Gandhinagar
Subhash Chandra Bose Shikshan Sankul,
Chh-5, Sector 20, Gandhinagar, Gujarat - 382021

## નિયમો અને શરતો:

1. એવોર્ડ પ્રાપ્ત કરનારાને તે જ કેટેગરી માટે ભવિષ્યમાં ફરીથી એવોર્ડ માટે માન્ય ગણવામાં આવશે નહી.
2. સંબંધિત કેટેગરી માટેનું Google ફોર્મ માત્ર એક જ વાર ભરો. એ જ કેટેગરી માટે એક જ અરજદાર દ્વારા એક કરતા વધુ અરજી કરવાથી ઉમેદવારી અયોગ્ય ઠરાવી શકાશે.
3. તમામ આધારભૂત દસ્તાવેજો અરજદારે સ્વ–પ્રમાણિત (self-attested) કરવા અને સંસ્થાના વડા દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત કરાવવા પડશે.
4. ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર કોઈપણ રજૂ થયેલી નામાંકન/અરજી પરિચિત વિના સ્વીકારવા અથવા નકારવા માટે અધિકાર રાખે છે.
5. અરજદારની વિગતોની સંપૂર્ણ ગુપ્તતા રાખવામાં આવશે.
6. જો કોઈ વ્યક્તિ નોમિનેટ થાય છે, તો નિર્ધારિત સમયમર્યાદા અંદર તેમની અરજી મંગાવવામાં આવશે.
7. એવોર્ડ પસંદગી માટે ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગરનો નિર્ણય અંતિમ રહેશે અને તે પર કોઈ પ્રશ્ન ઉઠાવી શકાશે નહીં.
8. જો જરૂરી લાગે, તો ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર કોઈપણ ફેરફાર/સુધારણા કરી શકે છે અને તે અંગે પૂર્વ સૂચના આપવાની જરૂર રહેશે નહીં.
9. એવોર્ડ માટે અરજી કરવાથી, અરજદારને ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા નક્કી કરેલ તમામ નિયમો અને શરતો સાથે સહમતિ હોવાનું માનવામાં આવશે.
10. અરજી ફોર્મમાં કોઈ પણ ખોટી માહિતી અથવા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે તો અરજદારને કાયમી પ્રતિબંધિત કરવામાં આવશે.
11. પસંદગીમાં બાહ્ય દબાણ અથવા પ્રભાવ ઉભો કરનારનું અરજીપત્રક/નામાંકન રદ્બાતલ કરશે. દરેક કેટેગરી માટે ફી ની રચના નીચે મુજબ છે:
    (i) શ્રેષ્ઠ બાળગુરુ – ₹118/– *(18% GST સહિત)*
    (ii) શ્રેષ્ઠ બાળવાટિકા – ₹236/– *(18% GST સહિત)*
12. એક વાર ચૂકવેલ ફી કોઈ પણ સ્થિતિમાં પરત નહીં કરવામાં આવે.
13. અરજી ફોર્મ સ્વીકારવા માટે ફી ભરવી ફરજિયાત છે.

## પસંદગી પ્રક્રિયા:

1. પ્રાપ્ત થયેલ અરજીઓની સમીક્ષા કરવામાં આવશે.
2. પસંદગી સમિતિ દ્વારા પાત્ર અરજીઓમાંથી પસંદગી કરવામાં આવશે.
3. પસંદગી સમિતિના સભ્યો અરજદાર / નોમિની / સાથીઓ / સહકર્મચારીઓ / વડા વગેરે સાથે ટેલિફોનિક/ઑનલાઈન/ઓફલાઈન ચર્ચા કરી શકે છે.
4. પસંદગી/નામાંકિત સમિતિ જો જરૂરી હોય, તો આપેલ વિગતોની સાચાઈની ચકાસણી માટે બાળવાટિકા/બાળગુરુની મુલાકાત લઈ શકે.
5. સ્ક્રીનિંગ સમિતિ દ્વારા એવોર્ડીનું નામ અંતિમ કરવામાં આવશે અને જો જરૂરી હોય તો અંતિમ પસંદગી માટે ફાઈનલિસ્ટને પૂર્વ સૂચના આપવામાં આવશે અને વધુ દસ્તાવેજો સબમિટ કરવાની માંગણી થઈ શકેશે.

## સન્માનમાં સામેલ:

- પ્રમાણપત્ર
- ટ્રોફી
- રોકડ પુરસ્કાર– 1) શ્રેષ્ઠ બાળગુરુ – ₹50,000/– 2) શ્રેષ્ઠ બાળવાટિકા – ₹1,00,000/–

## વિસ્તૃત માર્ગદર્શિકા:

### ફોર્મ ભરવાની પ્રક્રિયા:

1. વેબસાઈટ **www.cugujarat.ac.in** પર મુલાકાત લો.
2. સંબંધિત કેટેગરી માટે ફી ભરો.
3. ફી ભરણીની રસીદ ડાઉનલોડ કરો.
4. આપેલી લિંક પરથી સંબંધિત કેટેગરી માટે ફોર્મની સોફ્ટ કોપી ડાઉનલોડ કરો અને પ્રિન્ટ કાઢો.
5. ફોર્મ ભરો અને માર્ગદર્શિકા અનુસાર પ્રમાણિત કરો.
6. દસ્તાવેજોની દાવાની પ્રક્રિયા માટે દરેક વિભાગ મુજબ એક જ ફાઈલ બનાવો.
7. આપેલી **Google Form Link** નો ઉપયોગ કરીને સંબંધિત કેટેગરી માટે ગૂગલ ફોર્મ ભરો અને તમારી અરજી સાથે જરૂરી દસ્તાવેજો વિભાગ મુજબ અપલોડ કરો.

## સોફ્ટ કોપી સબમિશન માટે માર્ગદર્શિકા:

**a.** દસ્તાવેજો **(Documents)**

✔ કોઈપણ દસ્તાવેજની સ્પષ્ટ ઈમેજ લો.

✔ અરજીમાં ઉલ્લેખિત ક્રમ મુજબ તમામ ઈમેજોની એક PDF ફાઈલ બનાવો.

✔ PDF ફાઈલનું નામ **વિભાગ નંબર અને નામ** પ્રમાણે રાખો.

✔ દરેક ફાઈલનું માપ **3MB સુધી ઘટાડો** (કુલ અપલોડની મહત્તમ મર્યાદા **25MB** છે).

**b.** વિડિયો/ઓડિયો ફાઈલ **(Video/Audio File)**

✔ વિડિયો તૈયાર કરો અને **Google Drive** / **પોર્ટલ** / **યુટ્યુબ ચેનલ** પર સંગ્રહિત કરો.

✔ **વિડિયો લિંક કોપી કરો** અને ગૂગલ ફોર્મમાં યોગ્ય ટેબમાં પેસ્ટ કરો.

✔ **વિડિયો ફાઈલને training@cugujarat.ac.in પર એક્સેસ આપો.**

**c.** ફોટોગ્રાફ્સ **(Photographs)**

✔ બધી તસવીરો એકત્ર કરો.

✔ **વિભાગવાર એક PDF ફાઈલ** બનાવી, ક્રમ મુજબ રાખો.

✔ જરૂરીયાત મુજબ **ફાઈલનું માપ ઓછું કરો.**

# એવોર્ડ માટે જરૂરી દસ્તાવેજો

***શ્રેષ્ઠ બાળગુરુ (Shresth Baalguru)***

1. સિદ્ધિઓ ***(Achievement)***

✔ **અન્ય સંસ્થાઓ સાથે સંબંધ:** પ્રારંભિક બાળ સંભાળ (***Early Child Care***) અને શૈક્ષણિક શ્રેષ્ઠતા સાથે સંકળાયેલ લિંક અથવા સંકળાયેલા કાર્યક્રમો.

✔ **અદ્યતન બાયો–ડેટા (CV):** વર્તમાન અને અગાઉના અનુભવ સહિતનું સંપૂર્ણ પરિચય.

✔ **શૈક્ષણિક અને અન્ય પુરસ્કારો:** પ્રમાણપત્ર, ટ્રોફી વગેરે.

2. સમુદાય સહયોગ (Community Collaboration)

✔ **રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય સ્તરે ટોચના ત્રણ સમૂહયોગ પ્રદાન:** (પ્રમાણપત્ર, પત્ર, ટ્રોફી વગેરે).

3. શિક્ષણ કુશળતા (Teaching Skills)

✔ **એક પ્રદર્શન પાઠ (Demo Lesson) નો વિડિયો:** જે વિદ્યાર્થીઓની ભાગીદારી દર્શાવે.

✔ **નવોચિત શિક્ષણ સામગ્રી (Innovative TLM):** ફોટોગ્રાફ, વિડિયો વગેરે.

✔ **પ્રાથમિક શિક્ષણ માટે તમારો નવીન અભિગમ:** લેખિત સ્પષ્ટીકરણ.

4. વ્યવસાયિક વિકાસ (Professional Development)

5. વિસ્તરણ નિપુણતા (Extension Expertise)

✔ **વિશેષજ્ઞ વ્યાખ્યાન અથવા આમંત્રિત તાલીમકાર તરીકે સેવા:** પ્રમાણપત્ર અથવા પત્ર.

✔ **સામુદાયિક પ્રવૃત્તિઓ અને પરામર્શ (Consultancy):** દસ્તાવેજીકરણ.

✔ **સરકારી અને બિન–સરકારી સંસ્થાઓ સાથે જોડાણ:** સભ્યપદ અથવા હોદ્દાનું પ્રમાણપત્ર.

6. શ્રેષ્ઠ પ્રયોગો (Best Practices)

✔ **પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ માટે બે શ્રેષ્ઠ પ્રયોગોની વિગતો:** જે ઇચ્છિત પરિણામો લાવવા માટે કારગર સાબિત થયા હોય. (લેખિત વર્ણન).

# શ્રેષ્ઠ બાળવાટિકા (Shresth Baalvatika) માટે જરૂરી દસ્તાવેજો

*1. પ્રભાવશાળી શૈક્ષણિક અભિગમ* **(Instructional Practices)**

✔ **પાઠ્યક્રમ વિકાસ** (Curriculum Development):

- શિક્ષણની ગુણવત્તાને વૈશ્વિક સ્તરે સુધારવા માટે પુનરુત્પાદન અને વિસ્તરણ પાત્ર શૈક્ષણિક પદ્ધતિઓ.
- નવા શૈક્ષણિક મોડલ કે જે અન્ય સંસ્થાઓ પણ અપનાવી શકે.

✔ ડિજિટલાઈઝેશન (**Digitalization of the Institution):**

- શૈક્ષણિક સંસ્થા દ્વારા **સોશિયલ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયાના ઉપયોગ, સાધનોનો ઉપયોગ** વગેરે.
- સંસ્થાના ડિજિટલ ઉપક્રમે અપનાવવામાં આવેલા ઉદાહરણો.

✔ **શિક્ષણ–અભ્યાસ અને મૂલ્યાંકન** (Teaching, Learning & Evaluation):

- સંસ્થા, સમુદાય અથવા દેશના વિશિષ્ટ પડકારોને ઉકેલવા માટે અપનાવેલી નવીન શિક્ષણ પદ્ધતિઓ.
- પરિણામકારક નવી શૈક્ષણિક રીતોની પુરાવા આપતી માહિતી.

*2. વિદ્યાર્થીઓના શીખવાના પરિણામો* **(Student Learning Outcomes)**

✔ **વર્ગખંડમાં ઉપલબ્ધ પ્રભાવશાળી શીખવા–શીખવવાનો દેખીતો ડેટા.**

✔ વિદ્યાર્થીઓના પ્રગતિના ઉદાહરણો, તેમના સિદ્ધિ પ્રમાણપત્રો, અને સફળતા કથાઓ.

*3. સમુદાય પર પ્રભાવ* **(Community Impact)**

✔ **શિક્ષણ ક્ષેત્રમાં રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એજન્સીઓ દ્વારા પ્રાપ્ત સન્માન અને એવોર્ડ્સ.**

✔ સંસ્થાની વિશિષ્ટતા અને અન્ય શિક્ષણ સંસ્થાઓ માટે પ્રેરણાદાયી ઉદાહરણો.

*4. ગ્લોબલ નાગરિકતા અને સંસ્કૃતિ* **(Global Citizenship & Child-Friendly Facilities)**

✔ **બાળમિત્ર વાતાવરણ માટે સુવિધાઓ:**

- આરોગ્ય, સ્વચ્છતા અને તબીબી સુવિધાઓ.
- બાળમિત્ર શૈક્ષણિક વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે ઉપાય.

*5. શૈક્ષણિક ક્ષેત્રમાં સુધારો* **(Improvement in Elementary Education Profession)**

✔ **શિક્ષકો માટે શ્રેષ્ઠ પદ્ધતિઓ અને માર્ગદર્શન:**

- શૈક્ષણિક સ્તરની ઉન્નતિ માટેના પગલાં.
- અન્ય શિક્ષકો માટે પ્રેરણાદાયી ઉદાહરણો અને તેમનું માર્ગદર્શન.

✔ **અન્ય શિક્ષકો અને શાળાઓ માટે સહાય:**

- સહકર્મીઓ માટે નવી શૈક્ષણિક પદ્ધતિઓ અને પ્રોત્સાહન.
- શાળાના અમલમાં લાવવામાં આવેલા ચિંતાસ્પદ પડકારોને ઉકેલવા માટે લેવાયેલા પગલાં.

*6. પ્રશસ્તિ અને માન્યતા* **(Recognition & Awards)**

**✔ શૈક્ષણિક ક્ષેત્રમાં પ્રસરેલા ઉત્કૃષ્ટ કાર્ય માટે સરકાર, રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓ, હેડ–ટીચર્સ, સહકર્મીઓ, વિદ્યાર્થીઓ અથવા સમુદાયના સભ્યો તરફથી મળેલ પ્રશસ્તિ.**

✔ અન્ય સંસ્થાઓ માટે માર્ગદર્શક બને તેવા ઉદાહરણો.

*7. સંસ્થાનું વિગતવાર પ્રોફાઇલ* **(Institutional Profile)**

✔ સંસ્થાની પ્રોફાઇલ સાથે જરૂરી પુરાવાઓ:

- ફોટોગ્રાફ્સ
- પ્રમાણપત્રો (Certificates)
- શોર્ટ વિડિયો **(Short Video)**

## ગિજુભાઈ બધેકા એવોર્ડ– ૨૦૨૫ માહિતી પુસ્તિકા

| ક્રમ | વિગત | QR Code |
|---|---|---|
| 1 | યુનિવર્સિટી વેબસાઇટ | |
| 2 | ગિજુભાઈ બધેકા એવોર્ડ–૨૦૨૫ જાહેરાત | |
| 3 | ગિજુભાઈ બધેકા એવોર્ડ અરજી પત્રક<br>શ્રેષ્ઠ બાલગુરુ – ૨૦૨૫ | |
| 4 | ગિજુભાઈ બધેકા એવોર્ડ અરજી પત્રક શ્રેષ્ઠ બાલવાટિકા– ૨૦૨૫ | |
| 5 | ગૂગલ ફોર્મ :<br>ગિજુભાઈ બધેકા એવોર્ડ અરજી પત્રક<br>શ્રેષ્ઠ બાલગુરુ – ૨૦૨૫ | |
| 6 | ગૂગલ ફોર્મ :<br>ગીજુભાઈ બધેકા એવોર્ડ અરજી પત્રક શ્રેષ્ઠ બાલવાટિકા– ૨૦૨૫ | |
| 7 | ફી ચુકવણી માટે | |
| 8 | ફી રસીદ ડાઉનલોડ કરવા માટે | |
| 9 | ગિજુભાઈ બધેકા એવોર્ડ–૨૦૨૫ નૉમિનેશન ફોર્મ | |

